**વંચાણે લીધા :** ૧) ચીફ ઓફિસરશ્રી, નવસારી–વિજલપોર નગરપાલિકા, નવસારીના પત્ર ન.ન.જા.નં.:ફાયર શાખા/૩૪૮૬/૨૦૨૦–૨૧ તા.૧૦/૦૧/૨૦૨૧ જે અત્રેની કચેરીને તા.૨૬/૨/૨૦૨૧ના મળેલ

૨) અત્રેની કચેરીની તા. ૧૦/૩/૨૦૨૧ની નોંધ ઉપર મા.કુલપતિશ્રીએ આપેલ મંજુરી

**વિષય : ફાયર સેફટીની એન.ઓ.સી. મેળવવા બાબત...**

# :: પરિપત્ર ::

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના મુખ્ય કેન્દ્ર તથા તમામ પેટા કેન્દ્રોના યુનિટ, સબ યુનિટ કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સેકશન અધિકારીશ્રીના પત્ર નં. નપલ/૪૫૨૧/૪૦૪/મ/ તા.૨૮/૦૧/૨૦૨૧(નકલ સામેલ) તથા નાયબ કમિશ્નર મ્યુનીસીપાલટી એડમીનીસ્ટ્રેશન, ગુજરાત રાજય ગાંધીનગરના પત્ર નં. કમિ.મ્યુની/સંકલન/વશી/૩૯૫/૨૦૨૧ તા.૪/૦૨/૨૦૨૧માં આપેલ સુચનાઓ અન્વયે જે તે યુનિટ, સબ યુનિટના વડાશ્રીઓએ તેમના હસ્તકના મકાનોમાં ફાયર સેફટીની સુવિધા માટેની એન.ઓ.સી. રીજનલ ફાયર ઓફિસરશ્રી, સુરત પાસે મેળવવાની રહે છે.

ઉપરોકત કાર્યવાહી શકય એટલી ઝડપે કરવા મુખ્ય કેન્દ્ર તથા તમામ પેટા કેન્દ્રોના યુનિટ, સબ યુનિટ કચેરીના વડાશ્રીઓને **ખાસ વિનંતી કરવામાં આવે છે કે** તેમના હસ્તકના તમામ મકાનોમાં આ સાથે સામેલ રીજનલ ફાયર ઓફિસર, સુરત દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ જુદી જુદી ઉંચાઇઓ ધરાવતા મકાનો માટે કરવાની થતી ફાયર સેફટીની કામગીરી માટેના માપદંડો (નકલ સામેલ) મુજબની ફાયર એન.ઓ.સી. મેળવવા કાર્યવાહી માટે **આપના કેન્દ્રની નજીકમાં આવેલા શહેરના ફાયર વિભાગનો સંપર્ક સાધી તેમનું માર્ગદર્શન મેળવી પોતાના હસ્તકના મકાનોની ફાયર એન.ઓ.સી. રીજનલ ફાયર ઓફિસરશ્રી, સુરત મહાનગરપાલિકા, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩** પાસેથી મેળવવાની કાર્યવાહી હાથ ધરવા વિનંતી. જે કચેરીઓએ આવી ફાયર એન.ઓ.સી. મેળવેલી હોય તો તેની જાણ **રીજનલ ફાયર ઓફિસરશ્રી, સુરત મહાનગરપાલિકા, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત–૩૯૫૦૦૩** ને કરવા વિનંતી છે.

**તદ્ઉપરાંત યુનિવર્સિટીની તમામ કચેરીઓના યુનિટ/સબ યુનિટના વડાશ્રીઓને જણાવવામાં આવે છે તેઓએ તેમની કચેરી હસ્તકના મકાનોની ફાયર એન.ઓ.સી. મેળવેલ હોય અથવા ન મેળવેલ હોય તો તેની માહિતી સત્વરે અત્રેની કચેરીના ઈમેઈલ એડ્રસ eeb3@nau.in બિનચુક મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.**

વિશેષમાં જણાવવાનું કે, અત્રેની યુનિવર્સિટી દ્વારા આજદિન સુધી હાથ ધરવામાં આવેલ બાંધકામોની બિલ્ડીંગ યુઝ પરમિશન મેળવતી ન હોય ફાયર એન.ઓ.સીમાં બી.યુ.સી. પરમિશન,

મંજુર થયેલ નકશાઓ વગેરે માહિતી માટે અત્રેની કચેરીએ **રીજનલ ફાયર ઓફિસરશ્રી, સુરત મહાનગરપાલિકા, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત-૩૯૫૦૦૩** સાથે પત્રવ્યવહાર કરેલ છે આ સાથે સામેલ છે જેને ધ્યાનમાં લઈ ફાયર એન.ઓ.સી.માં આ મુદ્દાઓ પરત્વે તે મુજબ રજુઆત કરવા વિનંતી છે.

ઉપરોકત પરિપત્ર મા.કુલપતિશ્રીની વંચાણે લીધેલ નોંધ ફાઈલ ઉપર મંજુરી મેળવી બહાર પાડવામાં આવે છે.

જા.નં.નકૃયુ/કાઈ/બી-૩/ ૨૨૫૦૭૪/૨૦૨૧
તા. ૧૫/૩ /૨૦૨૧

**કાર્યપાલક ઈજનેર**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના :**
યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ સારુ
**નકલ રવાના :**
૧. શ્રી એ.એસ.સીંઘી, નાયબ ઈજનેર, અત્રેની કચેરી તરફ જાણ તેમજ અત્રેની કચેરીના તાબા હેઠળની કચેરી (યુનિવર્સિટી ભવન, ગેસ્ટ હાઉસ) માં ઉપરોકત વિગત મુજબ ફાયર એન.ઓ.સી. મેળવવા માટે ઘટતી કાર્યવાહી હાથ ઘરવી.
૨. શ્રી એમ.વી.ગઢવી, નાયબ ઈજનેરશ્રી તરફ જાણ સારુ.

પત્ર ક્રમાંક:નપલ/૪૫૨૧/૪૦૪/મ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
બ્લોક નં.૧૪, ૭મો માળ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 28 JAN 2021

પ્રતિ,
કમિશ્નરશ્રી,
મ્યુનિસિપાલીટી એડમીનીસ્ટ્રેશન,
કર્મયોગી ભવન,
સેકટર–૧૦,ગાંધીનગર.

**વિષય:– રાજ્યની નગરપાલિકાઓના બિલ્ડીંગ માટે B.U. Permission તથા ફાયર N.O.C. ની કાર્યવાહીની વિગતો બાબત.**

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનુ કે, વિભાગની તા.૨૫/૦૧/૨૦૨૧ની અઠવાડિક રીવ્યુ બેઠકમાં PIL No.૧૧૮/૨૦૨૦ અન્વયે રજુ થયેલ B.U. Permission અને ફાયર N.O.C. ની માહીતિ પરત્વે ચર્ચા દરમ્યાન અધિક મુખ્ય સચિવશ્રી(શ.વિ.વિ.) એ આપેલ સૂચના અનુસાર જણાવવાનુ કે, રાજ્યની નગરપાલિકાઓમાં સ્થિત થયેલ નગરપાલિકાની માલીકીના બીલ્ડીંગો તેમજ નગરપાલિકાના કાર્યક્ષેત્રમાં આવેલ અન્ય સરકારી કચેરીઓના બિલ્ડીંગો માટે B.U. Permission તથા ફાયર N.O.C. લીધેલ છે કે નહિ ? તેની ચકાસણી કરવી અને જો ના લીધેલ હોય તો તાત્કાલિક તે અંગે નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરી અને કરેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(ભરત દેસાઇ)
સેકશન અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

કમિશ્નર મ્યુનિસિપાલીટી એડમીનીસ્ટ્રેશન ની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
આવક નં. : ૧૭૯૫
29 JAN 2021

ઇ-મેઇલથી રવાના:-

નં.કમિ.મ્યુનિ/સંકલન/વશી/૩૯૫/૨૦૨૧.

કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલીટીઝ,
એડમીનીસ્ટ્રેશનની કચેરી,બ્લોક નં.૧,
ચોથો માળ, બી.૨- વીંગ, કર્મયોગી ભવન,
સેકટર નં.૧૦/એ, ગાંધીનગર,
તા.૦૪/૦૨/૨૦૨૧

પ્રતિ,
પ્રાદેશિક કમિશ્નરશ્રી, નગરપાલિકાઓ
તમામ ઝોન,

વિષય:- રાજ્યની નગરપાલિકાઓના બિલ્ડીંગ માટે B.U. Permission તથા ફાયર N.O.C. ની કાર્યવાહીની વિગતો બાબત.

સંદર્ભ:- સેકશન અધિકારીશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના પત્ર ક્રમાંક:- નપલ/૪૫૨૧/૪૦૪/મ, તા.૨૮/૦૧/૨૦૨૧.

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, વિભાગની તા.૨૫/૦૧/૨૦૨૧ની અઠવાડિક રીવ્યુ બેઠકમાં PIL NO.૧૧૮/૨૦૨૦ અન્વયે રજુ થયેલ B.U. Permission તથા ફાયર N.O.C. ની માહીતી પરત્વે ચર્ચા દરમ્યાન અધિક મુખ્ય સચિવશ્રી(શ.વિ.વિ.) એ આપેલ સૂચના અનુસાર જણાવવાનું કે, રાજ્યની નગરપાલિકાઓમાં સ્થિત થયેલ નગરપાલિકાની માલિકીના બીલ્ડીંગો તેમજ નગરપાલિકાના કાર્યક્ષેત્રમાં આવેલ અન્ય સરકારી કચેરીઓના બિલ્ડીંગો માટે B.U. Permission તથા ફાયર N.O.C. લીધેલ છે કે નહિ ? તેની ચકાસણી કરવી અને જો ના લીધેલ હોય તો તાત્કાલિક તે અંગે નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરી અને કરેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા વિનંતી છે.

બિડાણ:- ઉપર મુજબ.

નાયબ કમિશ્નર,
મ્યુનિસિપાલિટી,એડમિનિસ્ટ્રેશન,
ગુજરાત રાજય,ગાંધીનગર.

નકલ રવાના:-

- સેકશન અધિકારીશ્રી,(મ-શાખા) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.
- ચીફ ઓફીસરશ્રી, તમામ નગરપાલિકાઓ તરફ જાણ વ જરૂરી કાર્યવાહી સારૂ.

**નોંધ :- ૧૫ મીટર થી ઓછી ઉંચાઇ ધરાવતી રેસીડેન્સીયલ બિલ્ડીંગ**

| | |
|---|---|
| ૧ | ફાયર એક્ષ્ટીંગ્યુશર ફક્ત આઇ.એસ.આઇ .માર્કા ના સી.ઓ.ટુ. ૪.૫.કે.જી. અને એ.બી.સી ૦૬ કે.જી. ના દરેક ૧૦૦૦ ચો.મી ઓછામાં ઓછા બે ફાયર એક્ષ્ટીંગ્યુશર મુકવાના રહેશે |
| ૨ | તમામ માળે હોઝરીલ હોઝ રાખવાની રહેશે અને હોઝરીલ પ્રેશર માટે ૦૫એચ.પી. નો માનો બ્લોક પંપ રાખવાનો રહેશે. |
| ૩ | મેન્યુઅલી ઓપરેટેડ ઈલેક્ટ્રીક ફાયર એલાર્મ સીસ્ટમ ની જરૂરીયાત કરાવવી |
| ૪ | ૨૦૦ચો.મીટર થી વધુ નાં ક્ષેત્રફળ વાળા બેઝમેન્ટ માં ઓટો સીસ્ટમ સાથે પંપ રાખવાનો રહેશે. |
| ૫ | અંડર ગ્રાઉન્ડ પાણી ની ટાંકી ઓછામાં ઓછી ૨૦૦૦૦ લી. તેમજ ઓવરહેડ ૧૦,૦૦૦ લીટર ક્ષમતા ની રાખવાની રહેશે. |
| ૬ | ફાયર રીટાર્ટીંગ કેબલ લગાવવાની રહેશે. |
| ૭ | ફાયર ઈનલેટ ટુ વેલગાવવાનો રહેશે. |
| ૮ | હંમેશા એમ.સી.બી. અને અર્થ લીકેજ સર્કીટ બ્રેકર ( ઇ.એલ.સી.બી) નો ઉપયોગ કરવો |
| ૯ | આગને બે કલાક રોકી રાખવા ફાયર રીટાર્ડન્ટ કોટીંગ /ફાયર રીટાર્ડન્ટ પેન્ટ કરવો તેમજ લો સ્મોક તેમજ લો સ્મોક ઝીરો હેલોજન વાયર નો ઉપયોગ કરવો |
| ૧૦ | ઈલે.વાયરીંગ વખતે અર્થીંગ યોગ્ય રીતે કરી ,સીંગલ ફેઝ વાયરીંગમા. હંમેશા થ્રી પીન પ્લગ નો જ ઉપયોગ કરવો. |

જાવક /નં.
તા. / /૨૦૨૧

ડી.એચ.માખીજાની
રીજનલ ફાયર ઓફીસર
સુરત

**નોંધ :- ૧૫ મીટર થી ૪૦ મીટર ઉંચાઇ ધરાવતી [illegible]**

| | |
|---|---|
| ૧ | ફાયર હાઇડ્રન્ટ સીસ્ટમ , હોઝ પાઇપ, હોઝ બોક્ષ , હોઝ રીલ તેમજ નોઝલ સાથે દરેક માળે ઈનસ્ટોલ કરાવવાનું રહેશે . |
| ૨ | ફાયર એક્ષ્ટીંગ્યુશર ફક્ત આઇ.એસ.આઇ .માર્કા ના સી.ઓ.ટુ. ૪.૫.કે.જી. અને એ.બીસી ૦૬ કે.જી. ના દરેક ૧૦૦૦ ચો.મી ઓછામાં ઓછા બે ફાયર એક્ષ્ટીંગ્યુશર મુકવાના રહેશે |
| ૩ | ૨૦૦ ચો.મીટર થી વધુ નાં ક્ષેત્રફળ વાળા બેઝમેન્ટ માં ઓટો સ્પ્રિન્કલર સીસ્ટમ સાથે પંપ રાખવાનો રહેશે. |
| ૪ | એડ્રેસેબલ ઓટોમેટીક ડીટેકશન અને ફાયર એલાર્મ સીસ્ટમ ની જરૂરીયાત કરાવવી |
| ૫ | મેઇન પંપ , જોકી પંપ તેમજ બેકઅપમાં જનરેટર ઈનસ્ટોલ કરેલ હોવું જોઇએ. |
| ૬ | અંડર ગ્રાઉન્ડ પાણી ની ટાંકી ઓછામાં ઓછી ૧,૦૦,૦૦૦ લી. તેમજ અનેટેરેસ લેવલ પર ૨૦,૦૦૦ લીટર રહે તે મુજબ ની વ્યવસ્થા કરવવાની રહેશે. |
| ૭ | ફાયર સર્વિસ ફોર વે ઇનલેટ ઈનસ્ટોલ કરાવવાનુ રહેશે. |
| ૮ | ફાયર રીટાર્ટીંગ કેબલ લગાવવાનો રહેશે. |
| ૯ | અલગથી ઈમરજન્સી એક્ઝીટ ની સુવિધા કરાવવાની રહેશે. |
| ૧૦ | હંમેશા એમ.સી.બી અને અર્થ લીકેજ સર્કીટ બ્રેકર ( ઇ.એલ.સી.બી) નો ઉપયોગ કરવો |
| ૧૧ | આગને બે કલાક રોકી રાખવા ફાયર રીટાર્ડન્ટ કોટીંગ /ફાયર રીટાર્ડન્ટ પેન્ટ કરવો તેમજ લો સ્મોક તેમજ લો સ્મોક ઝીરો હેલોજન વાયર નો ઉપયોગ કરવો |
| ૧૨ | ઈલે.વાયરીંગ વખતે અર્થીંગ યોગ્ય રીતે કરી ,સીંગલ ફેઝ વાયરીંગમા. હંમેશા થ્રી પીન પ્લગ નો જ ઉપયોગ કરવો. |

ડી.એચ.માખીજાની
રીજનલ ફાયર ઓફીસર
સુરત

જાવક /નં.
તા. / /૨૦૨૧

**ઇન્સ્ટીટ્યુશનલ બિલ્ડીંગ**

**(૧) ૧૫મી થી ઓછી ઉંચાઇ ધરાવતી ઇન્સ્ટીટ્યુશનલ માટે નીચે મુજબ ફાયર સેફ્ટી ની જોગવાઇ કરાવવી**

| | |
|---|---|
| ૧ | ફાયર હાઇડ્રન્ટ સીસ્ટમ , હોઝ પાઇપ, હોઝ બોક્ષ , હોઝ રીલ તેમજ નોઝલ સાથે દરેક માળે ઈનસ્ટોલ કરાવવાનું રહેશે . |
| ૨ | ફાયર એક્ષ્ટીંગ્યુશર ફક્ત આઇ.એસ.આઇ .માર્કા ના સી.ઓ.ટુ. ૪.૫.કે.જી. અને એ.બી.સી ૦૬ કે.જી. ના દરેક ૧૦૦૦ ચો.મી ઓછામાં ઓછા બે ફાયર એક્ષ્ટીંગ્યુશર મુકવાના રહેશે |
| ૩ | ૨૦૦ ચો.મીટર થી વધુ નાં ક્ષેત્રફળ વાળા બેઝમેન્ટ માં ઓટો સ્પ્રિન્કલર સીસ્ટમ સાથે પંપ રાખવાનો રહેશે. |
| ૪ | એડ્રેસેબલ ઓટોમેટીક ડીટેકશન અને ફાયર એલાર્મ સીસ્ટમ ની જરૂરીયાત કરાવવી |
| ૫ | મેઇન પંપ , જોકી પંપ તેમજ બેકઅપમાં જનરેટર ઈનસ્ટોલ કરેલ હોવું જોઇએ. |
| ૬ | અંડર ગ્રાઉન્ડ પાણી ની ટાંકી ઓછામાં ઓછી ૫૦,૦૦૦ લી. તેમજ અનેટેરેસ લેવલ પર ૧૫,૦૦૦ લીટર રહે તે મુજબ ની વ્યવસ્થા કરવવાની રહેશે. |
| ૭ | ફાયર સર્વિસ ટુ વે ઇનલેટ ઈનસ્ટોલ કરાવવાનુ રહેશે. |
| ૮ | ફાયર રીટાર્ટીંગ કેબલ લગાવવાનો રહેશે. |
| ૯ | અલગથી ઈમરજન્સી એક્ઝીટ ની સુવિધા કરાવવાની રહેશે. |
| ૧૦ | હંમેશા એમ.સી.બી અને અર્થ લીકેજ સર્કીટ બ્રેકર ( ઇ.એલ.સી.બી) નો ઉપયોગ કરવો |
| ૧૧ | આગને બે કલાક રોકી રાખવા ફાયર રીટાર્ડન્ટ કોટીંગ /ફાયર રીટાર્ડન્ટ પેન્ટ કરવો તેમજ લો સ્મોક તેમજ લો સ્મોક ઝીરો હેલોજન વાયર નો ઉપયોગ કરવો |
| ૧૨ | ઈલે.વાયરીંગ વખતે અર્થીંગ યોગ્ય રીતે કરી ,સીંગલ ફેઝ વાયરીંગમા. હંમેશા થ્રી પીન પ્લગ નો જ ઉપયોગ કરવો. |

ડી.એચ.માખીજાની
રીજનલ ફાયર ઓફીસર
સુરત

જાવક /નં.
તા. / /૨૦૨૧

| નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી | | |
|---|---|---|
| શ્રી એચ.ટી.ભલસોડ<br>કાર્યપાલક ઇજનેર,<br>ન.કૃ.યુ., નવસારી | | Email:ee@nau.in |


જા.નં.નકૃયુ/કાઇ/બી-૩/૨૧૭૩-૭૯/૨૦૨૧ તારીખ : ૧૮/૩ /૨૦૨૧

**પ્રતિ,**
**રીજનલ ફાયર ઓફિસરશ્રી,**
**સુરત મહાનગરપાલિકા,**
**ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,**
**મુગલીસરા,**
**સુરત-૩૯૫૦૦૩**

**વિષય : નવસારી કૃષિ યુનિવર્સિટીના મુખ્ય કેન્દ્ર, નવસારી હસ્તકનાં મકાનોમાં નિયમોનુસાર ફાયર એન.ઓ.સી. મેળવવા બાબત..**

જય ભારત સહ ઉપરોક્ત વિષય બાબતે અત્રેની યુનિવર્સિટીને ચીફ ઓફિસરશ્રી, નવસારી વિજલપોર નગરપાલિકા પત્રક્રમાંક: જા.નં.ફાયર શાખા/૩૪૮૬/૨૦૨૦-૨૧ તા.૧૦/૦૧/૨૦૨૧થી યુનિવર્સિટીના તમામ મકાનોની ફાયર એન.ઓ.સી. મેળવેલ છે કે કેમ? તે બાબતે માહિતી આપવા જણાવેલ, જે અન્વયે અત્રેની કચેરી પત્ર નં. નકૃયુ/કાઇ/બી-૩/૭૨૧-/૨૦૨૧ તા.૨૫/૧/૨૦૨૧થી પ્રત્યુત્તર આપેલ છે જે આ સાથે સામેલ છે.

આ પ્રત્યુત્તરમાં જણાવ્યા મુજબ નવસારી કૃષિ યુનિવર્સિટીના બાંધકામ વિભાગમાં નવસારી મુખ્ય કેન્દ્ર અને તમામ પેટા કેન્દ્રો ખાતે હાથ ધરવામાં આવતા તમામ નવા / રીપેરીંગ રીનોવેશન વગેરે તમામ પ્રકારના સીવીલ/ઇલેક્ટ્રીક/વોટર સપ્લાર્ય/ ડ્રેનેજ/ઇરીગેશન ના નવા/રીપેરીંગ/રીનોવેશન/એક્ષટેન્શન પ્રકારના બાંધકામોના કામોની યુનિવર્સિટીની સક્ષમકક્ષાની ઓથોરીટી પાસેથી મંજુરી મેળવી આ બાંધકામો યુનિવર્સિટીના આ વિભાગ / જે તે વિભાગ પોતાની કક્ષાએથી હાથ ધરે છે. અને આ યુનિવર્સિટીનું આ મુખ્ય કેન્દ્રમાં અને તમામ પેટા કેન્દ્રો આપવાની થતી પાયાની સુવિધાઓ જેવી કે, રોડ, ડ્રેનેજ, પાણી પુરવઠો, વિજળી વગેરેની વ્યવસ્થાનું આયોજન યુનિવર્સિટીનો બાંધકામ વિભાગ/જે તે વિભાગ પોતાની કક્ષાએથી આયોજન કરે છે જેથી યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં આવતા બાંધકામોની બિલ્ડીંગ યુઝ પરમીશન અને વિકાસ પરવાનગી લેવામાં/મેળવવામાં આવતી નથીં અને સને.૧૯૭૩ થી આજદિન સુધી આ પરમિશન બાબતે કોઇપણ સ્થાનિક સત્તામંડળોએ(ગ્રામ પંચાયત/નગરપંચાયત, /નગરપાલિકા/મહાનગરપાલિકા/મ્યુ.કોર્પોરેશન) વાંધો લીધેલ નથી તેવી અત્રે જાણ છે. અને આ હકિકતોને ધ્યાનમાં લઇને જ યુનિવર્સિટીના મુખ્ય કેન્દ્ર તથા તમામ પેટા કેન્દ્રોમાં (ગુજરાત સરકારે આ યુનિવર્સિટીની રચના કરી ત્યારથી આજદિન સુધી) નવા બાંધકામો ઉપરોકત વિગતે હાથ ધરવામાં આવે છે/હાથ ધરેલ છે. **સુરત કેન્દ્ર ખાતે હાથ ધરવામાં આવતા નવા બાંધકામોમાં શરૂ કરતા પહેલા નિયુકત કરવામાં આવેલ સ્થપતિ દ્વારા આ કામના નકશાઓ સુરત મહાનગરપાલિકાના સબંધિત ઝોનલ ઓફિસરશ્રીને જાણ અને ઘટતી કાર્યવાહી માટે મોકલી આપે છે પરંતુ તેમના તરફથી આ મકાનોની બી.યુ.સી. આપવામાં આવતી નથી જે જાણ થવા વિનંતી છે.**

વધુમાં જણાવવાનું કે, નવસારી કૃષિ યુનિવર્સિટીનું મુખ્ય કેન્દ્ર અને અન્ય ૧૫ પેટા કેન્દ્રો તે દક્ષિણ ગુજરાતના નવસારી, સુરત, ભરૂચ, ડાંગ, વલસાડ, તાપી, નર્મદામાં આવેલા હોય યુનિવર્સિટી દ્વારા જે તે કચેરી વડાને આપના આપેલ માર્ગદર્શન મુજબ ફાયર એન.ઓ.સી. તેમની કક્ષાએથી મેળવવા માટે આપશ્રીની કચેરીનો સંપર્ક કરશે તો આ અંગે જરૂરી સાથ, સહકાર અને માર્ગદર્શન આપવા વિનંતી છે.

સામેલ : ઉપર મુજબ

**કાર્યપાલક ઈજનેર**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના :**

૧. સંશોધન નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તથા ઘટતું થવા સારુ.
૨.કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તથા ઘટતું થવા સારુ.
૩. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તથા ઘટતું થવા સારુ.
૪. મા.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારુ.

**નકલ રવાના :**

શ્રી એ.એસ.સીંઘી, નાયબ ઈજનેર, અત્રેની કચેરી તરફ જાણ તથા ઘટતું થવા સારુ.
શ્રી એમ.વી.ગઢવી, નાયબ ઈજનેર, અત્રેની કચેરી તરફ જાણ તથા ઘટતું થવા સારુ.